# નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ અમદાવાદ

परिपत्र नं. ८ ता. ०४-०५-२०२४

પરિપત્ર નં. ૮ તા. ૦૪-૦૫-૨૦૨૪

ફકત મ્યુનિ. શાળાઓ માટે જ :

વિષય : મતદાનના દિવસે સવેતન રજા (૧૩૫-બી) તથા Turnout Implementation Plan(TIP) અંગે અમલવારી કરવા બાબત.

ક્રમાંક : ક્રમાંક : ઇએલસી-૧૦૨૦૨૪- ૫૫૦-છ (સ્વીપ) તા.૦૩-૦૫-૨૦૨૪

આથી તમામ મ્યુનિ. શાળાના મુખ્ય શિક્ષકશ્રીઓને ઉપરોકત વિષય અને સંદર્ભ અન્વયે જણાવવાનું કે મતદાનના દિવસે જાહેર રજા કે રવિવારનો દિવસ ન હોય તો મતદાર પોતાના મતાધિકારનો ઉપયોગ કરી શકે તે માટે મતદાનના દિવસે લોકપ્રતિનિધિત્વ અધિનિયમ ૧૩૫-બી હેઠળ મતદાનના દિવસે સવેતન રજા આપવાની જોગવાઇને ધ્યાને લઇ ગુજરાત સરકારના સામાન્ય વહીવટી વિભાગ દ્વારા જાહેરનામાના આધારે તા.૦૭-૦૫-૨૦૨૪ના રોજ રજા જાહેર કરવામાં આવે છે.

વિશેષમાં લોકસભા સામાન્ય ચૂંટણી-૨૦૨૪ને અનુલક્ષીને Turnout Implementation Plan(TIP) અંતર્ગત વિવિધ પ્રવૃત્તિઓ કરવાનું આ સાથે સામેલ સંદર્ભિત પત્રમાં દર્શાવેલ માહિતી આધારે જણાવવામાં આવે છે.

બિડાણ : સંદર્ભિત પત્ર

તા.૦૪-૦૫-૨૦૨૪

ડૉ.એલ.ડી.દેસાઇ

શાસનાધિકારી

चुनाव का पर्व
DESH KA GARV
LOK SABHA ELECTION 2024

**ELECTION IMMEDIATE**

# OFFICE OF THE CHIEF ELECTORAL OFFICER
GUJARAT STATE

Phone : 079-23256731
079-23250456
079-23257419
Fax No.: 079-23250324
079-23250319

**General Administration Department (Election Division)**
Sardar Bhavan, Block No. 7, 2nd floor, Sachivalaya, Gandhinagar-382 010.

ક્રમાંક:ઈએલસી-૧૦૨૦૨૪-૫૫૦-છ(સ્વીપ) તા.૦૩.૦૫.૨૦૨૪

પ્રતિ,

(૧) મ્યુનિસિપલ કમિશનરશ્રી,
(અમદાવાદ, વડોદરા, ગાંધીનગર, સુરત, જામનગર, ભાવનગર,રાજકોટ, જુનાગઢ)

(૨) પ્રાદેશિક કમિશનરશ્રી નગરપાલિકાઓ
(અમદાવાદ ઝોન, વડોદરા ઝોન, સુરત ઝોન,
ગાંધીનગર ઝોન, ભાવનગર ઝોન, રાજકોટ ઝોન)

વિષય: મતદાનના દિવસે સવેતન રજા (૧૩૫-બી) તથા Turnout Implementation Plan (TIP) અંગે અમલવારી કરવા બાબત.

શ્રીમાન,

ઉપરોક્ત વિષય પરત્વે જણાવવાનું કે, મતદાનના દિવસે જાહેર રજા કે રવિવારનો દિવસ ન હોય તો મતદાર પોતાના મતાધિકારનો ઉપયોગ કરી શકે તે માટે મતદાનના દિવસે સને ૧૯૫૧ ના લોકપ્રતિનિધિત્વ અધિનિયમમાં સને ૧૯૯૬ ના લોકપ્રતિનિધિત્વ (સુધારા) અધિનિયમથી દાખલ કરવામાં આવેલ કલમ : ૧૩૫-બી અનુસાર મતાધિકાર ધરાવતી કોઇપણ વ્યક્તિ ધંધા, રોજગાર, ઔદ્યોગિક એકમો કે અન્ય કોઇપણ સંસ્થામાં નોકરી કરતાં હોય તો તેમને મતદાનના દિવસે સવેતન રજા આપવાની જોગવાઇ ધ્યાને લઇ સામાન્ય વહીવટ વિભાગ ગુજરાત સરકાર દ્વારા તારીખ : ૦૫.૦૪.૨૦૨૪ ના રોજ જાહેરનામું તેમજ શ્રમ આયુક્તની કચેરી દ્વારા તારીખ : ૦૧/૦૪/૨૦૨૪ અને તારીખ : ૦૪/૦૪/૨૦૨૪ ના રોજ પરિપત્ર / સૂચના પ્રસિધ્ધ કરવામાં આવેલ છે. સદરહુ જાહેરનામા / પરિપત્ર/ સૂચનાની નકલ આ સાથે સામેલ રાખેલ છે, જે ધ્યાને લઇ આપના વિસ્તારમાં આ અંગેની બહોળી પ્રસિધ્ધિ થાય તથા તેનું અમલીકરણ થાય તે સુનિશ્ચિત કરવા વિનંતી છે.

વધુમાં લોકસભા સામાન્ય ચૂંટણી – ૨૦૨૪ ને અનુલક્ષીને મ્યુનિસિપલ કોર્પોરેશન વિસ્તારોમાં TIP અંતર્ગત મતદાર જાગૃતિની અંતર્ગત વિવિધ પ્રવૃતિઓના આયોજન અંગે કુલ : ૯ મુદ્દાઓ નક્કી કરવામાં આવેલ હતાં જેની વિગતવાર માહિતી આ સાથે સામેલ

રાખેલ હોઇ મ્યુનિસિપલ કોર્પોરેશન વિસ્તારોમાં મતદાર જાગૃતિની પ્રવૃતિઓ સઘન રીતે હાથ ધરવામાં આવે તે માટે જરૂરી કાર્યવાહી હાથ ધરવા વિનંતી છે.

આપનો વિશ્વાસુ,

બિડાણ : ઉપર મુજબ

Palsaman

(પી. ડી. પલસાણા)
સંયુક્ત મુખ્ય નિર્વાચન અધિકારી
ગુજરાત

35914

તાત્કાલિક / અગત્યનું.

ક્રમાંકઃ જસર-૨૦૨૪- -ઘ,
સામાન્ય વહીવટ વિભાગ,
સચિવાલય, ગાંધીનગર.
તારીખઃ ૦૫/૦૪/૨૦૨૪

પ્રતિ

૧) અધિક મુખ્ય સચિવશ્રી, શ્રમ અને રોજગાર વિભાગ, સચિવાલય, ગાંધીનગર.

૨) અગ્ર સચિવશ્રી, શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.

૩) અગ્ર સચિવશ્રી, પંચાયત, ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ, સચિવાલય.

વિષયઃ લોકસભાની સામાન્ય ચુંટણી અને વિધાનસભાની પેટા ચુંટણી મંગળવાર, તા.૦૭/૦૫/૨૦૨૪ના દિવસે જાહેર રજા જાહેર કરવા બાબત.

શ્રીમાન,

ઉપરના વિષયના મુખ્ય નિર્વાચન અધિકારીની કચેરી, સામાન્ય વહીવટ વિભાગના તા.૨૦/૦૩/૨૦૨૪ના પત્ર ક્રમાંકઃ ઇએલસી/૧૦૨૪/૧૧૫(૨) કે જેની એક નકલ આપને પણ મોકલવામાં આવેલ છે તે તરફ આપનું આજ્ઞાનુસાર ધ્યાન દોરવામાં આવે છે. લોકસભાની સામાન્ય ચુંટણી અને ગુજરાત વિધાનસભાની પેટા ચુંટણીના સંદર્ભમાં વટાઉખત અધિનિયમ, ૧૮૮૧ અંતર્ગત સંબંધિત મતવિસ્તારોમાં જાહેર રજા જાહેર કરવાની કામગીરી સામાન્ય વહીવટ વિભાગ દ્વારા કરવામાં આવશે. પરંતુ જ્યાં વટાઉખત અધિનિયમ-૧૮૮૧ની જોગવાઇઓ લાગુ પડતી ન હોય તેવી દુકાનો અને સંસ્થાઓ માટે ૧૯૪૮ના મુંબઇ દુકાનો અને સંસ્થા અધિનિયમ, તેમજ ૧૯૪૮ના કારખાના અધિનિયમ હેઠળ શ્રમ અને રોજગાર વિભાગ, શહેરી વિકાસ શહેરી ગૃહ નિર્માણ વિભાગ તથા પંચાયત, ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ દ્વારા લોકપ્રતિનિધિત્વ ધારા-૧૯૫૧માં ૧૯૯૬ના લોકપ્રતિનિધિત્વ (સુધારા) અધિનિયમથી દાખલ કરવામાં આવેલ કલમ-૧૩૫-બીની જોગવાઇઓ અનુસાર રજા જાહેર કરવા અંગેના હુકમો કરવાના રહે છે. આથી આ અંગેની જરૂરી કાર્યવાહી હાથ ધરી અત્રેની જાણ હેઠળ સામાન્ય વહીવટ વિભાગ / ચુંટણી પ્રભાગને જાણ કરવા વિનંતી છે.

આપનો વિશ્વાસુ,

(સંકેતસિંહ વાઘેલા)
ઉપસચિવ (પ્રોટોકોલ),
સામાન્ય વહીવટ વિભાગ,
ગુજરાત સરકાર.

D:\DARSHIT\Election\Loksabha\2024 Loksabha\5 Letter.doc

GENERAL ADMINISTRATION DEPARTMENT

**Notification**

Sachivalaya, Gandhinagar

Date : 05th April, 2024

No. GS/06/2024/JSR/2024/334/GH :- In pursuance of the explanation to Section 25 of the Negotiable Instruments Act, 1881 (XXVI of 1881) read with the Notification of Government of India, Ministry of Home Affairs, No. 39/I/68-Judl.III dated the 8th May, 1968 the Government of Gujarat is pleased to declare **Tuesday, 07th May, 2024** to be **Public Holiday** in the State of Gujarat on account of General Election to Lok Sabha and bye election of five Assembly Constituencies Namely (1) 26-Vijapur, (2) 108-Khambhat (3) 136-Vaghodiya (4) 85-Manavadar and (5) 83-Porbandar In Gujarat (.)

A person is ordinarily resident of the constituency and registered as an elector, may be serving or employed in an industrial undertaking or an establishment located the outside the constituency having general or bye election would be entitled to the benefit of a paid holiday extended under the section 135(B)(1) of the representative of the people act, 1951.

By order and in the name of the Governor of Gujarat,

J.P.Trivedi

**( JWALANT TRIVEDI )**

Additional Secretary to Government of Gujarat

==========================================================

No. JSR/2024/334/GH

**General Administration Department**

1, Sardar Bhavan, 3nd Floor,

Sachivalaya, Gandhinagar.

Dated : 05 /04/2024

**Copy forwarded with compliments to :**

The Principal Secretary to Hon'ble Governor, Raj Bhavan, Gandhinagar.

The Chief Principal Secretary to Hon'ble Chief Minister.

The Personal Secretary to Hon'ble Speaker Gujarat Legislative Assembly, Gandhinagar.

The Personal Secretary to All Ministers / Ministers of State

The Personal Secretary to Hon'ble Chief Whip / Dy. Chief Whip / Whip, Gujarat Legislative Assembly, Gandhinagar

The Personal Secretary to Hon'ble Leader of Opposition, Gujarat Legislative Assembly, Gandhinagar

The Secretary to the Lokayukta, Office of the Lokayukta, Near Vigilance Commission Office, Opp. Sector-21 Police Station, Sector-10-B, Gandhinagar.

The Additional Secretary to Chief Secretary.

The Chief Electoral Officer, General Administration Department, Sachivalaya, Gandhinagar

- The Secretary, Gujarat Information Commission, Gandhinagar
- The Secretary, Gujarat Human Rights Commission, Gandhinagar
- The Secretary, Gujarat State Public Service Commission, Gandhinagar.
- The Secretary, Gujarat Vigilance Commission, Gandhinagar.
- The Secretary, Gujarat Legislature Secretariat, Gandhinagar.
- The Registrar General, Gujarat High Court, Ahmedabad.
- The Secretary, Gujarat Subordinate Service Selection Board, Gandhinagar

D:\DARSHIT\Election\Loksabha\2024 Loksabha\3 notification Eng.doc

1114

The Manager, Reserve Bank of India, Ahmedabad
The Zonal Manager, State Bank of India, Zonal Office, (Dr. J.M. Bhavan, Gandhinagar )
The President, State Level Bankers' Committee, Gujarat, 3rd Floo, Dena Laxmi Bhavan, Ashram Road, Ahmedabad - 380009.
The Senior Divisional Manager, Life Insurance Corporation of India, Sector-16, Gandhinagar.
The Senior Divisional Manager, Life Insurance Corporation of India, Jeevan Prakash, Tilak Road, Ahmedabad
The Divisional Manager, Western Railway, Ahmedabad
The General Manager, Western Railway, Mumbai
All Departments of Secretariat .... With a request to inform their heads of department and heads of offices
All Collectors
All District Development Officers
The Senior Accountant General, Gujarat, Ahmedabad / Rajkot.
The Director of Information, Dr. J.M. Bhavan, Gandhinagar (with request to issue press note).
The Select file.

=====================================================

❖ By letter

2. All Collectors are requested to inform the Banks and other concerned in their respective districts of the declaration of above holiday.

By order and in the name of the Governor of Gujarat,

( Sanketsinh Vaghela )
Under Secretary (Protocol)
General Administration Department
Government of Gujarat.

ગુજરાત સરકાર
સામાન્ય વહીવટ વિભાગ,
સચિવાલય, ગાંધીનગર.
તારીખઃ ૦૫, એપ્રિલ, ૨૦૨૪

**જાહેરનામુ**

ક્રમાંક : ગસ /૦૬/ ૨૦૨૪/ જસર / ૨૦૨૪ / ૩૩૪ / ઘ

ભારત સરકારના ગૃહ મંત્રાલયના ૮મી મે, ૧૯૬૮ના જાહેરનામા ક્રમાંકઃ૩૯૧/૬૮/જેયુડીએલ-૩ સાથે વાંચતાં, સને ૧૮૮૧ના વટાઉખત અધિનિયમ (૧૮૮૧ ના ૨૬ મા) ની કલમ-૨૫ના ખુલાસાને અનુસરીને ગુજરાત સરકાર લોકસભાની સામાન્ય ચુંટણી અને ગુજરાત વિધાનસભાની ૨૬-વિજાપુર, ૧૦૮ – ખંભાત, ૧૩૬-વાઘોડીયા, ૮૫-માણાવદર અને ૮૩ પોરબંદરની ખાલી પડેલ ૫ (પાંચ) બેઠકો માટેની પેટા ચુંટણીના કારણે, મંગળવાર તારીખ ૦૭મી મે, ૨૦૨૪ / ૧૭, વૈશાખ, ૧૯૪૬ના દિવસે ગુજરાત રાજ્યમાં જાહેર રજા તરીકે જાહેર કરે છે.

સને ૧૯૫૧ના લોકપ્રતિનિધિત્વ અધિનિયમમાં સને ૧૯૯૬ના લોક પ્રતિનિધિત્વ (સુધારા) અધિનિયમથી દાખલ કરવામાં આવેલ કલમ-૧૩૫-બી(૩) અનુસાર નોંધાયેલ મતદાર જે મતવિભાગમાં વસવાટ કરતો હોય પરંતુ જ્યાં સામાન્ય કે પેટા-ચૂંટણી હોય તેવા મતવિભાગની બહારના વિસ્તારમાં આવેલ ઔદ્યોગિક એકમ કે સંસ્થામાં નોકરી કરતો હોય તો પણ તેવા મતદાર લોકપ્રતિનિધિત્વ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૧૩૫(બી)(૧) અન્વયે સવેતન રજાનો હક્કદાર રહેશે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

જ.ન.ત્રિવેદી
( જવલંત ત્રિવેદી )
સરકારના અધિક સચિવ

પ્રતિ,

માનનીય રાજયપાલશ્રીના અગ્ર સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર.
માન. મુખ્ય મંત્રીશ્રીના મુખ્ય અગ્ર સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.
માન. મુખ્ય મંત્રીશ્રીના અધિક મુખ્ય સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.
માન. મુખ્ય મંત્રીશ્રીના ખાસ ફરજ પરના અધિકારીશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.
માન. અધ્યક્ષશ્રી/ઉપાધ્યક્ષશ્રીના અંગત સચિવશ્રી, ગુજરાત વિધાનસભા સચિવાલય, ગાંધીનગર.
સર્વે મંત્રીશ્રી / રાજય કક્ષાના મંત્રીશ્રીઓના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ, સચિવાલય, ગાંધીનગર.
માન. વિરોધપક્ષના નેતાશ્રીના અંગત સચિવશ્રી, ગુજરાત વિધાનસભા સચિવાલય, ગાંધીનગર.
માન. મુખ્ય દંડકશ્રી / નાયબ મુખ્ય દંડકશ્રી/ દંડકશ્રીના અંગત સચિવશ્રી, ગુજરાત વિધાનસભા સચિવાલય, ગાંધીનગર

૧૩૧૭

મુખ્ય સચિવશ્રીના અધિક સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
અગ્ર સચિવશ્રીના અંગત સચિવશ્રી, શ્રમ કૌશલ્ય વિકાસ અને રોજગાર વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
મુખ્ય નિર્વાચન અધિકારીશ્રી, સામાન્ય વહીવટ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.

- સચિવશ્રી, ગુજરાત માહિતી આયોગ, ગાંધીનગર.
- સચિવશ્રી, ગુજરાત માનવ અધિકાર આયોગ, ગાંધીનગર.
- સચિવશ્રી, લોકાયુકતશ્રીની કચેરી, ગાંધીનગર.
- સચિવશ્રી, ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ, ગાંધીનગર.
- સચિવશ્રી, ગુજરાત જાહેર સેવા આયોગ, ગાંધીનગર.
- સચિવશ્રી, ગુજરાત તકેદારી આયોગ, ગાંધીનગર.
- સચિવશ્રી, ગુજરાત વિધાનસભા સચિવાલય, ગાંધીનગર.
- રજીસ્ટ્રાર જનરલશ્રી, ગુજરાત હાઇકોર્ટ, અમદાવાદ.

મેનેજરશ્રી, ભારતીય રીઝર્વ બેંક, અમદાવાદ.
ઝોનલ મેનેજરશ્રી, સ્ટેટ બેંક ઓફ ઇન્ડિયા, ઝોનલ ઓફીસ, ગાંધીનગર.
ધી પ્રેસિડેન્ટ, સ્ટેટ લેવલ બેન્કર્સ કમિટી, ગુજરાત, ત્રીજો માળ, દેના લક્ષ્મી ભવન, આશ્રમ રોડ, અમદાવાદ.
ડીવીઝનલ મેનેજરશ્રી, લાઇફ ઇન્સ્યોરન્સ કોર્પોરેશન ઓફ ઇન્ડિયા, સેકટર-૧૬, ગાંધીનગર.
ડીવીઝનલ મેનેજરશ્રી, લાઇફ ઇન્સ્યોરન્સ કોર્પોરેશન ઓફ ઇન્ડિયા, જીવન પ્રકાશ, તિલક રોડ, અમદાવાદ..
ડીવીઝનલ મેનેજરશ્રી, વેસ્ટન રેલ્વે, અમદાવાદ.
જનરલ મેનેજરશ્રી, વેસ્ટન રેલ્વે, મુંબઇ.
સચિવાલયના સર્વે વિભાગો – ( તેઓના હસ્તકના તમામ ખાતાના વડા અને કચેરીના વડાને જાણ કરવાની વિનંતી સહ.)
સર્વે જિલ્લા કલેકટરશ્રી
સર્વે જિલ્લા વિકાસ અધિકારીશ્રી
સિનીયર એકાઉન્ટન્ટ જનરલ, ગુજરાત, અમદાવાદ/રાજકોટ
માહિતી નિયામકશ્રી, ગાંધીનગર. (જરુરી અખબારી યાદી તાત્કાલિક બહાર પાડવાની વિનંતી સહ.)

Vibrant GUJARAT 2024 10-12 Jan
Gateway to the Future | 10th Global Summit

શ્રમ આયુકતની કચેરી, ગુજરાત રાજ્ય,
બ્લોકનં-૧૧,૧૨,૧૪, બીજો માળ.
સેકટર-૧૧, ઉધોગભવન, ગાંધીનગર
E-mail: asc-bgact-labour@gujarat.gov.in

ક્રમાંકઃ શ્ર.આ.૭/ટે-૩/ઇએલસી/૨૦૨૪/ ૭૮૭ તા. ૪/૪/૨૦૨૪

સમય-મર્યાદાઃ ટોચ અગ્રતા

વંચાણે લીધોઃ- સંયુક્ત મુખ્ય નિર્વાચન અધિકારી,ગુજરાત રાજ્ય, ગાંધીનગરનાં પત્ર ક્રમાંકઃ
ઈએલસી/૧૦૨૪/૧૧૫(૨) /છ, તા.૨૦/૦૩/૨૦૨૪

## પરિપત્ર

લોકસભા સામાન્ય ચૂંટણી – ૨૦૨૪ અને ૨૬- વિજાપુર, ૧૦૮- ખંભાત, ૧૩૬- વાઘોડિયા, ૮૫ – માણાવદર અને ૮૩- પોરબંદર વિધાનસભાની પેટા ચૂંટણી – ૨૦૨૪ તા.૦૭/૦૫/૨૦૨૪, મંગળવારના રોજ જે -તે મતવિભાગમાં યોજાનાર છે.

વટાઉખત અધિનિયમ-૧૮૮૧ની જોગવાઈ લાગુ પડતી ન હોય તેવી દુકાનો અને સંસ્થાઓ માટે લોક પ્રતિનિધિત્વ અધિનિયમ-૧૯૫૧માં સને ૧૯૯૬ના લોકપ્રતિનિધિત્વ (સુધારા) અધિનિયમથી દાખલ કરવામાં આવેલ કલમ-૧૩૫-બી ની જોગવાઈઓ અનુસાર કામદારોને મતદાન કરવા જવા માટે સવેતન છૂટ આપવાના હુકમો કરવાના રહે છે

આથી, રાજ્યમાં, તા.૦૭/૦૫/૨૦૨૪, મંગળવારના રોજ, લોકસભા સામાન્ય ચૂંટણી – ૨૦૨૪ અને ૨૬- વિજાપુર, ૧૦૮- ખંભાત, ૧૩૬- વાઘોડિયા, ૮૫ – માણાવદર અને ૮૩- પોરબંદર વિધાનસભાની પેટા ચૂંટણી -૨૦૨૪ માટે ગુજરાત શોપ્સ એન્ડ એસ્ટાબ્લીશમેન્ટસ ( રેગ્યુલેશન ઓફ એમ્પ્લોયમેન્ટ એન્ડ કંડીશન્સ ઓફ સર્વિસ ) એક્ટ - ૨૦૧૯ મુજબ આપવાની અઠવાડિક રજા જો મતદાનના દિવસે ન હોય તો અઠવાડિક રજાની બદલી કરીને,

(૧) લોકસભા કે રાજ્યની વિધાનસભાની પેટા ચૂંટણીઓમાં મત આપવાનો અધિકાર ધરાવતી દરેક વ્યક્તિ કે જે કોઇપણ દુકાન અથવા સંસ્થામાં નોકરી કરતી હોય તેમને મતદાનના દિવસે રજા મંજૂર કરવી.

૨૦૦૩૦૯ ૫/૪/૨૪

(૨) આવી રજા મંજૂર કરવામાં આવેલ હોય તેવી કોઇપણ વ્યકિતના વેતનમાંથી કોઇ કપાત કે સુધારો કરવાનો રહેશે નહીં. અને જો આવી વ્યકિત સામાન્ય રીતે વેતન નહી મેળવે તેવા આધારે નોકરી ઉપર રાખવામાં આવેલ હોય છતાં પણ તેવી વ્યકિતને રજા આપવામાં આવી ન હોત અને તે દિવસે તેને જે વેતન મેળવવાપાત્ર હોય તેટલું વેતન મંજૂર કરવાનું રહેશે.

(3) જો કોઇ નોકરી ઉપર રાખનાર વ્યકિત ઉપર ક્રમ(૧) અથવા (૨)માં જણાવેલ જોગવાઇઓનું ઉલ્લંઘન કરશે તો આવા નોકરીદાતા લોકપ્રતિનિધિત્વ અધિનિયમની કલમ-૧૩૫-બીની જોગવાઇ મુજબ ૫૦૦/- રૂા સુધીના દંડના પાત્ર રહેશે.

(૪) લોકપ્રતિનિધિત્વ અધિનિયમની કલમ-૧૩૫-બી એવા કોઇપણ મતદારોને લાગુ નહીં પડે કે તે જ્યાં નોકરી કરે છે ત્યાં તેની ગેરહાજરીને કારણે ભયજનક પરિસ્થિતિ ઉભી થાય તેમ હોય અથવા તેની ગેરહાજરી વ્યાપક નકશાનમાં પરિણામે તેમ હોય.

૦૫/૦૫/૨૦૨૪

શ્રી શ્રમલાલભાઈ

(૫) ભારતના નિર્વાચન આયોગના તા.૧૬/૦૩/૨૦૨૪ના પત્રના પારા નં. ૨ મુજબ ઉપરોક્ત જોગવાઇ અનુસાર તમામ સંસ્થાઓ અને દુકાનો, સામાન્ય અને પેટા ચૂંટણીઓ યોજવામાં આવેલ હોય તેવા મત વિભાગમાં મતદાનના દિવસે બંધ રાખવાની રહેશે. જો કે એવા પણ કિસ્સા બને છે કે નોંધાયેલ મતદાર જે તે મત વિભાગમાં વસવાટ કરતો હોય પરંતુ જ્યાં સામાન્ય કે પેટા ચૂંટણી હોય તેવા મત વિભાગની બહારના વિસ્તારમાં આવેલ ઔધોગિક દુકાનો કે સંસ્થામાં નોકરી કરતો હોય તેવા મતદારો લોકપ્રતિનિધિત્વ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૧૩૫-બી(૧) અન્વયે સવેતન રજાનો હક્કદાર રહેશે.

(૬) લોકપ્રતિનિધિત્વ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૧૩૫-બીની જોગવાઇ અનુસાર રોજમદાર/કેજ્યુઅલ કામદારો પણ મતદાનના દિવસે રજા અને વેતનની હકકદાર છે.

બિડાણઃ- ઉપર મુજબ

શ્રમ આયુક્ત,
ગુજરાત રાજય, ગાંધીનગર.

ક્રમાંકઃ શ્ર.આ.૭/ટે-૩/ઇએલસી/૨૦૨૪/787 થી 799
તારીખઃ- 4/4/2024

નકલ સવિનય રવાનાઃ-

(૧) અધિક મુખ્ય નિવાર્ચન અધિકારીશ્રી, ગુજરાત રાજ્ય, બ્લોક નં.૭, બીજો માળ, સચિવાલય, ગાંધીનગર તા.૨૦/૦૩/૨૦૨૪ના પત્ર ક્રમાંક : ઇએલસી/૧૦૨૪/૧૧૫(૨)/છ સંદર્ભે જાણ સારૂ

(૨) અધિક મુંખ્ય સચિવશ્રી, શ્રમ, કૌશલ્ય વિકાસ અને રોજગાર વિભાગ,સચિવાલય,ગાંધીનગર.

(૩) અગ્ર સચિવશ્રી, શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ,ગાંધીનગર.

(૪) નાયબ સચિવશ્રી, (પ્રોટોકોલ) સામાન્ય વહીવટ વિભાગ,સચિવાલય,ગાંધીનગર.

(૫) નાયબ સચિવશ્રી, શ્રમ, કૌશલ્ય વિકાસ અને રોજગાર વિભાગ,સચિવાલય,ગાંધીનગર.

(૬) સેકશન અધિકારીશ્રી, મ-૩, શ્રમ, કૌશલ્ય વિકાસ અને રોજગાર વિભાગ,ગાંધીનગર. અન્વયે જાણ સારુ.

(૭) અધિક શ્રમ આયુક્તશ્રી, શ્રમ આયુક્તની કચેરી, ગાંધીનગર

(૮) નાયબ શ્રમ આયુકતશ્રી,અમદાવાદ/વડોદરા/સુરત/રાજકોટ તાબાની તમામ કચેરીને જાણ કરવા સારૂ તથા અમલ કરાવવા સારૂ.

(૯) નિયામકશ્રી, માહિતી અને પ્રાસારણ ખાતું, બ્લોક નં. ૧૯, જુના સચિવાલય,ગાંધીનગર તરફ આ સાથે સામેલ પ્રેસનોટ સમય-મર્યાદામાં પ્રસિધ્ધ કરવા સારૂ તથા જરૂરી કાર્યવાહી અર્થે.

(૧૦) સિલેકટ ફાઇલ.

# પ્રેસનોટ

## શ્રમયોગીઓને મતદાન માટે રજા આપવા સુચના

રાજયના શ્રમ આયુક્તશ્રી અખબારી યાદીમાં જણાવે છે કે, લોકસભા સામાન્ય ચૂંટણી -૨૦૨૪ અને ૨૬- વિજાપુર, ૧૦૮- ખંભાત, ૧૩૬- વાઘોડિયા, ૮૫ – માણાવદર અને ૮૩- પોરબંદર વિધાનસભાની પેટા ચૂંટણી -૨૦૨૪ તા.૦૭/૦૫/૨૦૨૪, મંગળવારના રોજ જે -તે મતવિભાગમાં યોજાનાર છે. ત્યારે જે તે વિસ્તારના સંસ્થાઓમાં કામ કરતાં શ્રમયોગીઓ / કર્મચારીઓ પોતાના મતાધિકારનો ઉપયોગ કરી શકે તે માટે ગુજરાત શોપ્સ એન્ડ એસ્ટાબ્લીશમેન્ટસ ( રેગ્યુલેશન ઓફ એમ્પ્લોયમેન્ટ એન્ડ કંડીશન્સ ઓફ સર્વિસ ) એક્ટ - ૨૦૧૯ હેઠળ હેઠળ આપવાની અઠવાડિક રજા જો મતદાનના દિવસે ન હોય તો અઠવાડિક રજા બદલી કરીને દુકાન અથવા સંસ્થામાં નોકરી કરતાં દરેક વ્યકિતની મતદાનના દિવસે રજા મંજૂર કરવાની રહેશે. શ્રમયોગી / કર્મચારીના પગારમાંથી કોઇ કપાત કરવાની રહેશે નહીં. જો કોઇ માલિક લોકપ્રતિનિધિત્વ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૧૩૫- બી ની જોગવાઇ વિરૂધ્ધનું વર્તન કરશે તો દંડ અને શિક્ષાને પાત્ર રહેશે.

૪૬ ૧૧૧૪

Azadi Ka Amrit Mahotsav

ક્રમાંક/ડીઆઈએસએચ/સંકલન/૨૦૨૪/૯૯૭ થી ૧૧૫
ડાયરેક્ટર ઇન્ડસ્ટ્રીયલ સેફટી એન્ડ હેલ્થની
કચેરી, શ્રમ ભવન, ત્રીજો માળ, ગન હાઉસની
બાજુમાં, રૂસ્તમકામા માર્ગ, ખાનપુર
અમદાવાદ-૦૧
તા૦૮/૦૪/૨૦૨૪

પ્રતિ,

(૧) સંયુક્ત નિયામક,
ઔદ્યોગિક સલામતી અને સ્વાસ્થ્ય કચેરી,
અમદાવાદ, વડોદરા, સુરત, રાજકોટ.

(૨) નાયબ નિયામક,
ઔદ્યોગિક સલામતી અને સ્વાસ્થ્ય કચેરી,
અમદાવાદ વિભાગ – ૧, ૨, ૩, ૪, ગાંધીનગર, મહેસાણા, નડિયાદ, ભરૂચ, ગોધરા, આદિપુર, જુનાગઢ, અલંગ, વલસાડ, મોરબી, જામનગર.

(૩) મદદનીશ નિયામક,
ઔદ્યોગિક સલામતી અને સ્વાસ્થ્ય કચેરી,
સુરેન્દ્રનગર, ભાવનગર, આણંદ, નવસારી.

વિષય :- લોકસભાની સામાન્ય ચૂંટણી – ૨૦૨૪ માટે મતદાનના દિવસે સ્થાનિક રજા જાહેર કરવા અથવા વૈકલ્પીક વ્યવસ્થા કરવા બાબત.

સંદર્ભ : ઈએલસી/૧૦૨૪/૧૫૫(૨)/છ તા.૨૦/૦૩/૨૦૨૪

ઉપરોક્ત વિષય પરત્વે જણાવવાનુ કે ગુજરાત રાજયમાં આગામી તા. ૦૭/૦૫/૨૦૨૪ ના મંગળવારના રોજ લોકસભાની સામાન્ય ચૂંટણી – ૨૦૨૪ અને ગુજરાત વિધાનસભાની ૫ બેઠક પર પેટા ચૂંટણી-૨૦૨૪ યોજાનાર છે. કારખાના ધારા – ૧૯૪૮ હેઠળના (ઔદ્યોગિક એકમો) કારખાનાના શ્રમયોગીઓ તેમજ ધી બિલ્ડીંગ એન્ડ અધર કન્સ્ટ્રક્શન વર્કસ એક્ટ – ૧૯૯૬ અન્વયે નોંધણી થયેલ સંસ્થા / સાઈટના શ્રમયોગીઓ તા. ૦૭/૦૫/૨૦૨૪, મંગળવારના રોજ મતદાનના દિવસે પોતાના મતાધિકારનો ઉપયોગ કરી શકે તે હેતુ માટે લોકપ્રતિનિધિત્વ ધારા-૧૯૫૧ ની કલમ ૧૩૫(બી) મુજબની જોગવાઈ અનુસાર કારખાના ધારા-૧૯૪૮ હેઠળના કારખાનાના શ્રમયોગીઓ તેમજ બિલ્ડીંગ એન્ડ અધર કન્સ્ટ્રકશન વર્કર્સ એકટ અન્વયે નોંધણી થયેલ સંસ્થાઓ/સાઇટના કામ કરતાં શ્રમયોગીઓ પોતાના મતાધિકારનો ઉપયોગ કરી શકે તે માટે સવેતન રજા આપવાની રહેશે.

આ જોગવાઇ અનુસાર રજા જાહેર કરવાના કારણે સંબંધિત શ્રમયોગીઓ/કર્મચારીઓના પગારમાંથી કોઇ કપાત કરવાની રહેશે નહીં. રજાના કારણે જો શ્રમયોગી/કર્મચારી પગાર મેળવવાનો હક ન ધરાવતો હોય

૨૧૨૧/CHH
૭/૫/૨૫

૦૮/૦૪/૨૦૨૪
ડી.જે. લાલ દલવા

તેવા સંજોગોમાં જે તે વ્યકિત રજા જાહેર ન થઇ હોય અને જે પગાર મળવાપાત્ર થતો હોય તેટલો પગાર ચુકવવાનો રહેશે.

જે મતદારની ગેરહાજરીથી જોખમ ઉભુ થવા સંભવ હોય અથવા જે વ્યવસાય અને રોજગાર સાથે સંકળાયેલ હોય તે રોજગારમાં મોટા પ્રમાણમાં નુકશાન થવા સંભવ હોય તેવા કિસ્સામાં અથવા સતત પ્રક્રિયાવાળા કારખાનામાં કામ કરતાં શ્રમયોગીઓ/કર્મચારીઓ તેમના મત આપવાનો અધિકાર ભોગવી શકે તે માટે તેમની ફરજના સમયમાંથી મતદાનના સમયગાળા દરમ્યાન ત્રણ થી ચાર કલાક મતદાન માટે સવેતન રજા આપવાની રહેશે. ઉકત સૂચનાઓનું આપની કચેરીનાં તાબા હેઠળ આવતા નોંધાયેલ કારખાનાઓ અને બાધકામ સાઈટ પર અમલવારી થાય તે માટે ઘટતી કાર્યવાહી કરવા જણાવવામાં આવે છે.

P.M. Shah 1/4/2024

ડાયરેક્ટર

ઈન્ડસ્ટ્રીયલ સેફ્ટી એન્ડ હેલ્થ

ગુજરાત રાજ્ય, અમદાવાદ

નકલ રવાના :

સેકશન ઓફીસરશ્રી, એમ-૩ બ્રાંચ, શ્રમ, કૌશલ્ય વિકાસ અને રોજગાર વિભાગ, બ્લોક નં ૫, નવા સચિવાલય, ગાંધીનગર.

O/C

1/4/24

1/4/24

1914

## Interventions for Municipal Corporations

1. **Meeting of Residential Society's chairpersons with AROs and local Municipal Officers**
    - ARO and officer of Corporation can organise meeting with chairpersons of Housing Societies to make them aware about the Polling Station Location, societies covered under Polling Station, Parking area etc
    - Also, to inform them about "How to Check Name in the Electoral Roll"

2. **Publicity on LED hoardings / Non LED hoardings**
    - Municipal Corporation possesses ownership of LED / Non LED hoarding places where awareness video / Designs can be displayed
3. **Audio play on Garbage collection Vans**
    - Each Municipal Corporations has many garbage collection vans mounted with speakers where audio for voting awareness can be played
4. **Publicity at Civic Centres**
    - Awareness campaigns can be run on LED Screens on all civic centres
    - More than 1000 people visit each civic centre a day
5. **Voting awareness messages on bills / letters etc.**
    - Small messages can be printed on bills / demand letters and official communications with the public
6. **Cleaning of Polling Stations and providing parking places**
    - Minor repairs along with cleaning and colouring to give pleasant experience to the voters
    - Parking place for poll day can be identified and publicity in advance can be done to the voters
7. **Implementation of Section 135 (B) of R P Act.**
    - Implementation for paid holiday for those which are registered under the Shops and Establishment Act.
    - Implementation for paid holiday for those which are not covered under the Shops and Establishment Act (having less than 10 employees)

8. <u>Promotion of voting awareness at events (Non-Political) organised in Municipal Area</u>

   - Can provide prominent place for voting awareness in any Non-political events or public gatherings being held in Municipal Area from the announcement of Election up to the Poll day.

9. <u>Partnerships with hotels / restaurants and Food Court / chains</u>

   - Keeping in mind the vital importance of the General Election and to encourage young voters, some partnerships can be made with above mentioned Industries to offer discounts to them who have voted on poll day

- The prime objective of offering discounts is to encourage the youth to exercise their right to vote

# Interventions for Municipal Corporations

1. **Meeting of Residential Society's chairpersons with AROs and local Municipal Officers**
    - ARO and officer of Corporation can organise meeting with chairpersons of Housing Societies to make them aware about the Polling Station Location, societies covered under Polling Station, Parking area etc
    - Also, to inform them about "How to Check Name in the Electoral Roll"

2. **Publicity on LED hoardings / Non LED hoardings**
    - Municipal Corporation possesses ownership of LED / Non LED hoarding places where awareness video / Designs can be displayed
3. **Audio play on Garbage collection Vans**
    - Each Municipal Corporations has many garbage collection vans mounted with speakers where audio for voting awareness can be played
4. **Publicity at Civic Centres**
    - Awareness campaigns can be run on LED Screens on all civic centres
    - More than 1000 people visit each civic centre a day
5. **Voting awareness messages on bills / letters etc.**
    - Small messages can be printed on bills / demand letters and official communications with the public
6. **Cleaning of Polling Stations and providing parking places**
    - Minor repairs along with cleaning and colouring to give pleasant experience to the voters
    - Parking place for poll day can be identified and publicity in advance can be done to the voters
7. **Implementation of Section 135 (B) of R P Act.**
    - Implementation for paid holiday for those which are registered under the Shops and Establishment Act.
    - Implementation for paid holiday for those which are not covered under the Shops and Establishment Act (having less than 10 employees)

8. <u>Promotion of voting awareness at events (Non-Political) organised in Municipal Area</u>

    - Can provide prominent place for voting awareness in any Non-political events or public gatherings being held in Municipal Area from the announcement of Election up to the Poll day.

9. <u>Partnerships with hotels / restaurants and Food Court / chains</u>

    - Keeping in mind the vital importance of the General Election and to encourage young voters, some partnerships can be made with above mentioned industries to offer discounts to them who have voted on poll day

- The prime objective of offering discounts is to encourage the youth to exercise their right to vote